

* ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે—એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે. —પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૩ વિ. સં. ૨૦૪૯ (૫૯૩) * આત્મધર્મ * (અંક-૯ વર્ષ-૪૯) વીર સં. ૨૫૧૯ માર્ચ, ૧૯૯૩

શ્રી રંભાબેન પોપટલાલ વોરા, વઢવાણ દ્વારા
સુવર્ણપુરીમાં ઉજવાનાર ૧૦૪મો

# 卐 શ્રી કહાનગુરુ-જન્મોત્સવ 卐

[ તા. ૧૯-૪-૯૩, સોમવાર થી તા. ૨૩-૪-૯૩, શુક્રવાર ]

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલા મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્ત-નાબૂદ કરવા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત-ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૪મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ-૨), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં વઢવાણનિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા (હા. શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા) તરફથી ચૈત્ર વદ ૧૩, સોમવાર, તા. ૧૯-૪-૯૩ થી વૈશાખ સુદ ૨, શુક્રવાર, તા. ૨૩-૪-૯૩—પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર 'શ્રી જિનસહસ્રવસુનામ-મંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપપ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ માંગલિક ગુરુ-જન્મ-જયંતીના સુઅવસરે ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા સોનગઢ પધારવા ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી રંભાબેન પોપટલાલ વોરા તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે.

[ સૂચના : (૧) ભવ્ય નિમંત્રણ-પત્રિકા મુદ્રણાધીન છે. સંભવ છે કે આપને પહોંચવામાં વિલંબ થાય, માટે આ સમાચારને જ નિમંત્રણ સમજી આપ જરૂર પધારશો. (૨) શ્રી જિનસહસ્રવસુનામમંડલવિધાનપૂજાનો પ્રારંભ તા. ૧૩-૪-૯૩, મંગળવારના રોજથી થશે. ]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૯
[ ૫૯૩ ]

વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
MAR
A.D. 1993




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલકારી
૬૧મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ મહેકતાં

## 卐 અધ્યાત્મ-પુષ્પો 卐

* પૂર્ણાનંદના નાથની—તળમાં ભગવાન જ્ઞાયક બિરાજે છે તેની— ઊંડી અને તીખી રુચિ કરે તો માર્ગ હાથ આવે. જેને આત્માના આનંદ સિવાય બીજી કોઈ રુચિ ગોઠતી નથી તેને અંતર્મુખ સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ પકડાય છે. જ્ઞાનનો જે વ્યાપાર પર તરફ વળે તે સ્થૂલ ઉપયોગ છે અને ભગવાન આત્માને પકડવામાં જે ઉપયોગ વળે તે સૂક્ષ્મ ઉપયોગ છે, તેનાથી માર્ગ જણાય છે.

* આ બધામાં હું એક જ્ઞાયક છું, જાણનાર...જાણનાર...જાણનાર ભગવાન જ્ઞાયક છું, સ્વતઃસિદ્ધ સ્વયં પ્રભુ સત—કાયમ રહેવાવાળો, અચિન્ત્ય પરમ પદાર્થ છું—એવું જે પોતાની હયાતીનું સ્વરૂપ તેને બરાબર ખ્યાલમાં લેવું. હું અબદ્ધસ્પૃષ્ટ છું, મુક્ત છું, જ્ઞાયક છું, ચૈતન્ય છું. પરમબ્રહ્મસ્વરૂપ છું, શુદ્ધ છું, આનંદકંદ છું, અભેદ છું—એવા જે વિકલ્પો ઊઠે તેનાથી શું સાધ્ય છે? એ વિકલ્પો પણ રાગ છે, બંધનું કારણ છે. એ વિકલ્પોને પણ વટાવીને 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવા નિજ અસ્તિત્વભાવે અંદર પરિણમી જવું.

* જ્ઞાયકદ્રવ્ય જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણવૈભવથી ભરેલું કોઈ અદ્ભુત તત્ત્વ છે. સ્વભાવરૂપ વિભૂતિને સૂક્ષ્મ ઉપયોગ વડે એકાગ્રતાથી પકડતાં તે આશ્ચર્યકારી દ્રવ્ય હાથમાં આવશે, જેનાથી તારી અનાદિની ભવભ્રમણરૂપ દીનતા ટળી જશે. અહા! આવું તત્ત્વ છે.

* જો તારે હિત કરવું હોય, ધર્મ કરવો હોય અને ભવનો અંત લાવવો હોય તો તત્ત્વાનુસારી—સહજ જ્ઞાન ને આનંદસ્વરૂપ, પૂર્ણ પ્રભુત્વમય, સહજ પરમ ઐશ્વર્યસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયકતત્ત્વને અનુસરીને—પરિણમન કરવું એ જ તારું કાર્ય છે. પુણ્ય-પાપરૂપ વિકારી ભાવો અનાદિ કાળથી કરતો આવ્યો છે, પણ તે સંસાર છે, દુઃખમય છે અને પરિભ્રમણનું કારણ છે. હવે જો તારે ધર્મકાર્ય કરવું હોય તો જ્ઞાયક-ભાવ કોણ છે અને આ પુણ્ય-પાપમય વિકારી પરિણમન શું છે એનું ભેદજ્ઞાન કરી ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકતત્ત્વ અનુસાર નિર્મળ દશા પ્રગટ કરવી એ જ તારું કર્તવ્ય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર—એ, તત્ત્વના અનુસારે થતી સાધકદશા છે, ધર્મીનો ધર્મ છે.

* પુણ્યના પરિણામ પોસાણા, પણ તે પરિણામની પાછળ જે જ્ઞાયક પ્રભુ અંદર સદા વિરાજમાન છે તે પોસાણો નહિ, જેથી તેની રુચિ અને મંથન કર્યું નહિ. અરે! જે પોસાણ કરવાની વસ્તુ છે એવા વિજ્ઞાનઘન ભગવાન આત્માનું પોસાણ ન થયું અને રાગનું પોસાણ થયું. દયા-દાન, પૂજા-ભક્તિ વગેરે ક્રિયાઓનો રાગ પોસાણમાં આવ્યો, પણ ખરેખર તો એ વિભાવભાવથી જુદો એવો નિજ જ્ઞાયકભાવ પોષાય એવું જીવન કરી નાખવું જોઈએ. જ્ઞાનીને પણ પુણ્ય તેમ જ પાપના ભાવ આવે, પણ તેને તેનું પોસાણ નથી. એ વિભાવભાવ ભલા લાગતા નથી, પણ નવ તત્ત્વમાં વ્યાપકપણે રહેલી જે એક સહજ ચૈતન્યજ્યોતિ—શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્મા—તેનું એકનું જ પોસાણ હોવાથી તે એક જ ઉત્તમ લાગે છે. ભૂમિકા અનુસાર પુણ્ય-પાપના ભાવ આવે, પણ સાથે સાથે અંદરમાં ખટક છે કે આ દુઃખમય ભાવો છે. ઉગ્ર પુરુષાર્થ ઉપાડી અંદર સ્વરૂપમાં સહજપણે સ્થિર થઈ શકાતું નથી તેથી એવા વિભાવભાવ આવે, પણ પોસાણ તો એક આત્માનું જ હોવું જોઈએ, જીવન આત્મામય કરી નાખવું જોઈએ. અહા! આ તો વીતરાગના ઘરની વાતો છે.

* ભગવાન આત્મા પૂર્ણ સચ્ચિદાનંદ દેવાધિદેવ છે. આત્મા વસ્તુ છે ને? જે વસ્તુ હોય તે સ્વભાવે અશુદ્ધ ન હોય, ઊણી ન હોય, તેને આવરણ ન હોય; જ્ઞાયકવસ્તુ પણ આનંદ આદિ અનંત ગુણમય પોતાની પ્રભુતાથી ભરેલું પરિપૂર્ણ તત્ત્વ છે. પ્રભુ! તું તને ભૂલી ગયો છો. આ દેહ છે તે માટીનો—ધૂળનો છે, તે આત્મા નથી કે આત્મામાં નથી; વળી જે આ દયા-દાન, કામ-ક્રોધના વિકલ્પો ઊઠે છે એ તો વિકાર છે, એ કાંઇ આત્મા નથી; એ તો નથી પણ અલ્પજ્ઞ પર્યાયપણે પણ આત્મા નથી. એ બધો તો પરના સંબંધે પર્યાયમાં થતો વ્યવહાર-અંશ છે, ખંડખંડ ભાગ છે. અંદર જે અખંડ જ્ઞાયક દેવાધિદેવ બિરાજે છે તેની તને ખબર નથી.

* જ્યાં વર્તમાન દશા ઉપર ઉપર તરે છે, અંદર ધ્રુવ સ્વભાવમાં જરા પણ પ્રતિષ્ઠા પામતી નથી એવા નિજ ત્રિકાળી જ્ઞાયક પ્રભુને જો. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो!**' જે જીવ ભૂતાર્થનો—વિભાવ તેમ જ ભેદ રહિત નિજ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક દ્રવ્યનો—આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને સમસ્ત વિકલ્પ-જાળ—એ બધો બગાડ માત્ર પર્યાયમાં છે, ત્રિકાળી સ્વભાવ તો તે સમસ્ત પર્યાયવિકાર રહિત શુદ્ધ વિજ્ઞાનઘન છે. તેને જો—તેનો આશ્રય કર.

* જ્ઞાનસ્વરૂપ આત્મા અનાદિથી રાગ સાથે એકતા માનીને ગૂંચવાઇ ગયો છે. જો તે જ્ઞાન ને આનંદસ્વરૂપ પોતાના સહજ અસ્તિત્વને પકડે તો સ્વ-પરના એકત્વની ભ્રાન્તિના કારણે અનાદિથી ઊભી કરેલી તે ગૂંચવણ ટળી જાય. ભાઈ! તારી મોજૂદગી રાગથી તદ્દન જુદી છે; રાગાદિ ભાવો તો ક્ષણિક વિભાવ છે અને તું તો જ્ઞાનસ્વભાવી કાયમી ચેતન પદાર્થ છો. રાગાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ તારી ચીજની હયાતી પકડવા—સમજવા તું કદી નવરો ન થયો. અરે! આ દેહ છૂટી જશે અને મરીને જઇશ ક્યાંય અજાણ્યા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં; બાપુ! ઉતારા ક્યાં થશે એની તને ખબર છે? ત્યાં તને ભેદજ્ઞાનની આવી વાતો ક્યાંય મળશે? આ દુર્લભ મનુષ્યજીવનમાં કરવાનું તો આ એક જ છે—સ્વ-પરનું ભેદવિજ્ઞાન; બાકી બધાં થોથાં છે.

* પર્યાયમાં રાગનું વેદન હોવા છતાં, જ્ઞાનીને દૃષ્ટિમાં જ્ઞાયકપણાનું જોર છે કે એક સમયની વિભાવપર્યાયથી પણ મારું ત્રિકાળી તત્ત્વ ન્યારું છે. અનંત ગુણોનો ભંડાર ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો તે, વર્તમાન વેદનની પર્યાય જેટલો પોતાને માનતો નથી; તેનાથી તે ન્યારો રહે છે. 'દુઃખનું વેદન વિભાવ છે, મારું સ્વરૂપ નથી' એમ જ્ઞાની જુદો જ રહે છે. આનંદનું વેદન એ તો મારા સ્વભાવની સ્થિતિ છે અને રાગનું વેદન દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ મારું સ્વરૂપ નથી—એમ જ્ઞાની વિભાવથી સદા ન્યારો રહે છે.

* અરેરે! જીવે આ વાત અનાદિ કાળના પરિભ્રમણમાં કદી જાણી નથી—પોતાને કયારેય જોયો નથી; જોયો હોય તો પરિભ્રમણ રહે નહિ. ભાઈ! અંદર કોઈ વસ્તુ છે કે નહિ? તત્ત્વ છે ને? તે તત્ત્વ પૂર્ણ વિજ્ઞાનઘન-આનંદઘન છે. તારી જે પર્યાય પરવસ્તુને જ્ઞેય બનાવીને જુએ છે તેને અંતરમાં વાળીને સ્વવસ્તુને—જ્ઞાયકદ્રવ્યને—જો. જેમાં અપવિત્રતાનો, અપૂર્ણતાનો કે પૂર્ણતાના ભેદનો અંશ પણ નથી એવા પરમ-પવિત્ર, પરિપૂર્ણ, અભેદ જ્ઞાયકતત્ત્વને અંતરમાં જો, તો તું પર્યાયમાં પણ એવો જ પ્રગટ થઈ જઈશ. અંતરમાં જે શક્તિ છે તેની પૂર્ણ વ્યક્તતા થઈ જશે.

* સ્વભાવમાંથી બહાર નીકળવાની જેટલી વૃત્તિ છે તે બધી પ્રવૃત્તિ છે. 'નિયમસાર'માં તેને અનાવશ્યક કહ્યું છે, આવશ્યક નહિ. તેનાથી નિવૃત્ત થઈ સ્વરૂપમાં જામી જવું, અંદરમાં લીનતા થવી તે આવશ્યક છે. આવશ્યક એટલે અવશ્ય કરવાયોગ્ય, અથવા અવશ અર્થાત્ પરને વશ નહિ પણ નિજ જ્ઞાયક આત્માને વશ એવું સ્વાધીન સ્વરૂપલીનતારૂપી કાર્ય. નિવૃત્ત થઈ અંદર સ્વરૂપમાં જેટલી લીનતા પ્રગટી તેટલી શાંતિ ને સ્વરૂપાનંદ છે. જ્ઞાયકઅમૃતસાગરને અંદરથી જેટલો ઉછાળે તેટલો આનંદ, ને જેટલો રાગમાં અટકે એટલું ઝેર. ધંધાનો ભાવ તે તો પાપ ને તીવ્ર ઝેર છે, પણ દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિનો રાગ કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો શુભ વિકલ્પ તે પણ સૂક્ષ્મ ઝેર છે; એકમાત્ર સ્વરૂપાનંદ જ પરમ-અમૃત છે.

* શરીર, વાણી વગેરે પરદ્રવ્યો તથા પરને લક્ષે થતા શુભાશુભ વિભાવો તરફનું જે અનાદિનું વલણ છે તે બદલવાનું છે, પરિણામની દિશા ફેરવવાની છે. અરે! અંદર પોતે ભગવાન બિરાજે છે તેના તરફ તારું વલણ જતું નથી. અનાદિથી જે ઊંધો અભ્યાસ છે તે ફેરવવાનો છે, તેમાં ગુલાંટ ખાવાની છે. બહારનું જાણપણું વિશેષ હો કે ન હો, તેની સાથે કાંઈ સંબંધ નથી. રુચિનો જે પ્રવાહ અનાદિથી પરને વિભાવ તરફ છે તેને બદલીને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વાળવાનો છે.

* આત્માની જ્ઞાન અને આનંદ આદિ શક્તિઓ સંખ્યાએ પણ અગાધ અને સ્વભાવના સામર્થ્યપણે પણ અગાધ છે. અરે પ્રભુ! તું કેટલો ને કેવડો છો એ તને ખબર નથી. પાંચ-પચીસ કરોડ રૂપિયા મળે તેથી શું થયું? એ તો તારાથી તદ્દન પૃથક્ છે, દયા–દાનનો રાગ પણ વિભાવ છે—એ બધું મર્યાદિત છે; અમર્યાદિત તો અનંત અગાધ શક્તિઓથી ભરપૂર ભગવાન આત્મા છે. તેના આશ્રયે પર્યાયમાં સુખ અને શાંતિ પ્રગટે છે.

* જ્ઞાયક તત્ત્વ સર્વ જીવોમાં છે તો ખરું, પરંતુ અજ્ઞાનીને રાગના રસમાં, દયા–દાન વગેરે વિકલ્પોના પ્રેમમાં, આનંદકંદ જ્ઞાયક ધ્રુવ ભગવાનનો અનાદર—તિરસ્કાર થઈ ગયો હતો. હવે જ્ઞાનલક્ષણ દ્વારા અંદર જ્યાં જ્ઞાયકને પકડ્યો ત્યાં તેનો સત્કાર, સ્વીકાર થઈ ગયો. સ્વભાવનો સ્વીકાર થયો તો પર્યાયમાં અનુભવ સહિત જ્ઞાયકપણું પ્રગટ થયું. જ્ઞાયકપણું જે પ્રગટ થયું તેનું નામ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ ને ધરમ છે.

* જ્ઞાન, આનંદ, પુરુષાર્થ વગેરે આત્માના સ્વભાવો જ અમર્યાદિત છે. જ્ઞાનસ્વભાવનો ક્યાંય પાર છે ખરો? અહીંયાં જ્ઞાન પૂરું થઈ ગયું—એમ સ્વભાવમાં છે જ નહિ. અમર્યાદિત આનંદસ્વભાવની પણ ક્યાંય હદ આવી જાય છે—એમ પણ નથી. અરેરે! લોકોને આ વાતની રુચિ અને અભ્યાસ નથી. રુચિ હોય તો વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ જીવ કર્યા વિના રહે નહિ. ભગવાન આત્માના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવોની ઊંડપની શી વાત કરવી? તે અમર્યાદિત સ્વભાવના આશ્રયે મર્યાદિત એવા વિકારી ભાવોથી

વિમુખ થઈ શકાય છે; કેમ કે વિભાવ તો હદવાળી ચીજ છે ને? દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, દયા, દાન વગેરેનો જે શુભરાગ તે તો મર્યાદિત છે; વિકાર કદી અમર્યાદિત—કાયમ રહેવાવાળો હોઈ શકતો નથી; અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.

* અનાદિ પરિભ્રમણમાં જીવ નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો, પણ 'શરીર હું છું ને રાગાદિ વિભાવની ક્રિયા હું છું' એવા પરસન્મુખ પરિણામ સાથે એકતાનો પ્રવાહ એક ક્ષણ પણ બદલ્યો નહિ—આત્માના સ્વભાવનો અભ્યાસ કર્યો નહિ; કેમ કે તેને પોતાનું જે સ્વરૂપ છે તે તો ખ્યાલમાં આવ્યું નહિ. પોતાનું સહજ અસ્તિત્વ—પૂર્ણાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક ભગવાનની મોજૂદગી સ્વરૂપ જે તત્ત્વ તે તો—ખ્યાલમાં આવ્યું નહિ, તો પોતાનું અસ્તિત્વ ક્યાંક માનવું તો પડશે ને? તેથી શરીર, વાણી કે રાગાદિ જે કોઈ ચીજ જાણવામાં આવી તેમાં 'આ મારું અસ્તિત્વ છે' એમ મનાયું અને 'આ જ્ઞાનસ્વરૂપ આત્મા મારું અસ્તિત્વ છે' એ છૂટી ગયું. સમજમાં આવ્યું? કાર્ય અઘરું તો છે, કેમ કે અનાદિનો જે પ્રવાહ છે તે બદલવાનો છે. નદીના પાણીનો પ્રવાહ એક બાજુથી બીજી બાજુ વાળવાનું કામ કઠણ પડે, તેમ આ અનાદિ પરસન્મુખતાનો પ્રવાહ બદલવો અને સ્વસન્મુખ થવું તે અઘરું કામ તો છે, પણ તે કામ પોતે જાતે જ કરવાનું છે.

* તારી વર્તમાન પર્યાયમાં તું અનાદિથી અજ્ઞાનભાવે પરને જ જુએ છે, હવે તારી જ્ઞાનનજર અંતરમાં વાળીને તું સુખનિધિ સત્‌ને—તારા જ્ઞાયક પ્રભુને—જો. 'મારાં નયણાંની આળસે રે! ન નિરખ્યા હરિને જરી.' જે મોહરાગદ્વેષ આદિ વિભાવભાવોને હરે–જીતે, વીતરાગતા પ્રગટ કરે એવો પોતાનો આત્મા જ 'હરિ' છે, પણ જોવાની આળસે તને તારું પરમ નિધાન કદી દૃષ્ટિગત થયું નહિ.

* આહાહા! પાપના પરિણામ તો સ્થૂલ છે જ, પણ ભગવાનની ભક્તિનો ભાવ, વ્રત પાળવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ વગેરે વિકલ્પો પણ સ્થૂળ છે. સ્થૂળ ઉપયોગ પોતાના સૂક્ષ્મ આત્મતત્ત્વને નહિ પકડી શકે. માટે સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે ધીરો થઈને અંદરમાં

સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. અંતર્મુખ સાચા પ્રયત્નથી આત્મા જરૂર પ્રગટ થશે. આ, પહેલી સ્થિતિની વાત છે.

* જેનાથી ઊંચામાં ઊંચું પુણ્ય બંધાય—તીર્થંકર-નામકર્મનો બંધ પડે, ચક્રવર્તી બળદેવ વગેરે ઊંચી પદવીઓ મળે એવો પુણ્યબંધ પડે—એવા ઊંચા શુભભાવ હોય કે ગુણ-ગુણીના વિકલ્પરૂપ—અતિસૂક્ષ્મ રાગરૂપ—પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે, ઝેર છે અને જેટલો સ્વભાવસન્મુખ થઈ નિવૃત્ત થયો, સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે. શુભાશુભ ભાવ તો ઝેર છે જ, પણ તેના નિમિત્તે જે કર્મપ્રકૃતિ બંધાય છે તેને પણ વિષકુંભ અને વિષવૃક્ષ કહેલ છે. ભગવાન જ્ઞાયક આત્મા અમૃતનું ઝાડ છે અને ૧૪૮ કર્મપ્રકૃતિ તે ઝેરનું ઝાડ છે. સમયસારમાં કર્મને ઝેરનું ઝાડ કહ્યું છે ને ? 'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ; હું મારા ચૈતન્ય-સ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું– અનુભવું છું.'

* સાધકજીવને—સમકિતી જ્ઞાની, અરે ! ચારિત્રવંત મુનિ હોય એને—પણ પંચમહાવ્રત વગેરેનો જેટલો રાગ આવે છે તેટલું વેદન દુઃખરૂપ છે, જેટલી સ્વના આશ્રયે દર્શન, જ્ઞાન ને ચારિત્રની સ્થિરતા જામી છે એટલા અંશે વેદન આનંદરૂપ છે. અહા ! આવી વાત છે, સમજાય છે કાંઈ ? વાતને એમ ને એમ ધારી લે તેનાથી કાંઈ ન થાય, પણ તે એના ખ્યાલમાં બરાબર આવવી જોઈએ. અરે ! શાસ્ત્રાનુસાર એવી ધારણા તો જીવે અનંત વાર કરી, પણ તેથી શું ? ખરેખર તો પોતાની રુચિમાં આ વાત અંદરથી બેસવી જોઈએ.

* ધર્માત્માની દૃષ્ટિ સદા અંતર્મુખ હોય છે, લોકોની દૃષ્ટિ બહિર્મુખ હોવાથી તેઓ બહારથી જુએ છે કે જ્ઞાની પણ વેપાર કરે છે, રાજ ચલાવે છે, પૂજાભક્તિ કરે છે, વાંચન–વિચાર–ધ્યાન કરે છે, દયા–દાન–તપ વગેરે બધું કરે છે; પરંતુ તે બધી પ્રવૃત્તિ વખતે પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. જ્ઞાનીની દૃષ્ટિ તો સદા અંદર અમર્યાદિત સ્વભાવ પર પડી છે. અહા ! અંદર એની દશા શું કામ કરી રહી છે તે જાણવું અજ્ઞાનીનું—બહિર્બુદ્ધિ જીવનું—ગજું નથી.

* દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ શા કામનો? તે કાંઈ અંદર સ્વસન્મુખ થવાનો, ભેદજ્ઞાન કરવાનો આધાર નથી, તેથી તેમની હૂંફ શા કામની? અંદર જ્ઞાનપ્રકાશસ્વરૂપ જે નિજ ચૈતન્યબિંબ તેનું યથાર્થ લક્ષ કરવાથી પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તૂટે છે. તે કામ પોતે જાતે જ કરવાનું છે. તેમાં કોઈ દેવ, ગુરુ, શાસ્ત્ર, શરીરના સંહનનની મજબૂતાઈ કે શરીરની નીરોગતા મદદ કરતાં નથી. એ બધાં પર છે. પરની અવસ્થા ભેદજ્ઞાન કરવામાં શું કામ આવે? દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો શુભરાગ આવે, પણ તે રાગથી તો જુદું પડવાનું છે.

* પરિભ્રમણની પરિપાટીમાં તેં સૌથી થોડા છતાં અનંત મનુષ્યના ભવો કર્યા છે. તેના કરતાં અસંખ્ય ગુણા અનંત નારકીના ભવ કર્યા છે. નારકીના ભવ કરતાં અસંખ્ય ગુણ અનંત દેવના ભવ કર્યા છે અને દેવના ભવ કરતાં અનંત ગુણા અનંત એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચ-ભવો કર્યા છે. તારાં એ વીતક તું અત્યારે ભૂલી ગયો છે. ભૂલી ગયો માટે એ નહોતું એમ કોણ કહે? માતાના ઉદરથી જન્મ થયા પછીના છ-બાર મહિનાની વાતો તને યાદ નથી; શું ખાતો'તો, કેમ રડતો'તો—એ બધું છે યાદ? યાદ નથી માટે શું તે નહોતું? અરે! નરકની ઓછામાં ઓછી સ્થિતિ ૧૦ હજાર વર્ષથી માંડીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિએ તું અનંત વાર જન્મ-મરણ કરી ચૂક્યો છો. ત્યાંનાં એક ક્ષણનાં દુઃખની વાત શી થાય! કરોડ ભવે ને કરોડ જીભે ન કહી શકાય એવાં આકરાં ત્યાંનાં દુઃખ છે. નરકના ભવ કરતાં અસંખ્ય ગુણા અનંત વાર સ્વર્ગના ભવ કર્યા છે. શું શુભભાવ વિના સ્વર્ગે જવાય? પંચમહાવ્રત-પાલનના શુભભાવ તથા શુક્લ લેશ્યાના બળે નવમી ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો પણ આત્મકલ્યાણના સાધનભૂત એવી અંતર્મુખ તત્ત્વરુચિ તથા તત્ત્વમંથન કર્યું નહિ.

* સાધકજીવ દૃષ્ટિ—અપેક્ષાએ કોઈ પર્યાયનો—સ્વાનુભૂતિ સુદ્ધાંનો—કે ગુણભેદનો સ્વીકાર કરતો નથી, તોપણ તેને આનંદમૂર્તિ ભગવાન આત્મામાં ઠરી જવાની ને પૂર્ણ પરમાનંદદશા પ્રગટ કરવાની ભાવના તો સતત વર્તતી હોય છે. સચ્ચિદાનંદ જ્ઞાયક પ્રભુના આલંબને જેમને

અંતરમાં અતીન્દ્રિય આનંદનો અનેરો સ્વાદ આવ્યો છે એવા અવિરતિ સમ્યગ્દષ્ટિથી માંડીને આગળના બધા સાધકજીવોને અંદર પૂર્ણપણે ઠરી જવાની ભાવના તો નિરંતર હોય છે. દૃષ્ટિમાં પર્યાયનો સ્વીકાર નહિ અને પરિણતિમાં આગળ વધવાની ભાવના; અહા, દૃષ્ટિ અને પરિણતિની કેવી સમતુલા!

* પરથી ને વિભાવથી વિરક્તતા થઈ નહિ તેથી અંદર આત્માનો માર્ગ મળ્યો નહિ. શરીર, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી અને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર પદાર્થો છે તથા તેમના લક્ષે અંદર પરિણામમાં થતા અશુભ તેમ જ શુભ ભાવો વિભાવ છે; એના તરફ રુચિ કરી પણ સ્વભાવની રુચિ કરી નહિ; એમાં રક્ત રહ્યો પણ એનાથી વિરક્તિ કરી નહિ. રાગની ક્રિયામાં—દયા, દાન, વ્રત, તીર્થયાત્રા આદિના પરિણામમાં—મહત્તા લાગી, પણ અંદર પોતાના જ્ઞાયકપ્રભુની મહત્તા ન ભાસી, માટે અંતરનો સાચો માર્ગ મળ્યો નહિ. ભલે પચીસ, પચાસ કે સો વાર ગિરનારની અથવા સંમેદશિખરની યાત્રા કરી આવે, પણ તેથી આત્માને શું આવ્યું? તે તો શુભ રાગ છે, ધર્મ કે મોક્ષનો માર્ગ નથી. સંમેદશિખરની યાત્રા માટે કહેવાય છે કે—'એક વાર વંદે જો કોઈ, તાહી નરકપશુગતિ નહીં હોઈ.' પણ એમાં શું? યાત્રા વખતે શુભભાવ હોય તો સીધો નરક કે પશુમાં ન જાય, પણ 'શુભભાવથી મને ધર્મ થશે' એવી ભ્રમણા હોવાથી, ભવભ્રમણ તો એવું ને એવું ઊભું રહેશે. ખરેખર તો આનંદનો નાથ અને સમતાનો સાગર એવા નિજ જ્ઞાયક આત્માના અનંત ગુણોની નિર્મળતાની પરાકાષ્ઠા—શિખર ઉપર આરૂઢ થવું તે સંમેદશિખરની યાત્રા છે. નીચેની ભૂમિકામાં તીર્થસ્થાનની યાત્રાનો ભાવ આવે છે તે સત્ય છે, પણ છે એ શુભરાગ ને પુણ્યબંધનું કારણ; અશુભથી બચવા માટે એવા ભાવ આવે, પણ તે ધર્મ નથી.

* શુભ અને અશુભ ભાવના અસંખ્ય પ્રકારો છે. એ વિભાવભાવ કરી કરીને જેને થાક લાગ્યો હોય, તેમાં ક્યાંય આત્માનો વિસામો લાગ્યો ન હોય, એવા જિજ્ઞાસુ માટે આ વાત છે. પોતાના જ્ઞાયક આત્મા સિવાય જગતની બીજી સર્વ વસ્તુઓ ઉપરથી જેને પ્રેમ ખસી ગયો છે,

પરચીજની જેને આશા-પિપાસા છૂટી ગઈ છે એવા આત્માર્થી જીવનું અહીં સ્વરૂપ બતાવ્યું છે. શ્રી આનંદઘનજીએ કહ્યું છે ને ?—

> આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન-સુધારસ પીજે; આશા૦
> ભટકત દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશાધારી;
> આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહૂઁ ખુમારી. આશા૦

ભાઈ! પરની આશા છોડી દે અને ભગવાન આત્માના નિર્વિકલ્પ જ્ઞાનસુધારસને પી. દુનિયા મને માને કે ન માને, જાણે કે ન જાણે, મારે કોઈ જાતની આશા નથી, બધી આશાપિપાશા છૂટી ગઈ છે. વસ્તુમાં જે છે—અનંત જ્ઞાન, બેહદ અપરિમિત આનંદ વગેરે અનંત ગુણવૈભવ—તે જ મારે જોઈએ છે એવી જેને અંદરથી ભાવના છે તે સાચો જિજ્ઞાસુ છે.

* બહારમાં સગવડતા દેખાય, પાંચ-પચીસ લાખની કમાણી દેખાય, તેને અજ્ઞાની સુખ માને છે, પરંતુ તે માન્યતા મિથ્યાબુદ્ધિ છે. સ્ત્રીના ભોગમાં સુખ માનવું તે પાખંડ ને અજ્ઞાન છે. જ્ઞાની સમકિતીને—શાન્તિનાથ ચક્રવર્તીને—પણ ભોગના ભાવ નબળાઈથી આવે છે પણ તે તેમને દુઃખરૂપ લાગે છે, તેમાં સુખબુદ્ધિ નથી. ભરત ચક્રવર્તી પણ સાધવા ગયા ત્યાં સેંકડો રાજકુંવરીઓ સાથે લગ્ન કર્યાં. લગ્નનો રાગ આવે છે, પણ અંદરમાં તે દુઃખરૂપ ને ઝેર જેવો લાગે છે. દશામાં પૂર્ણતાનો પુરુષાર્થ નથી તેથી રાગ આવે છે, પણ તે લાગે છે કાળા નાગ જેવો. અંદર મારો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર છે, ત્યાં આ વિકલ્પ ક્યાંથી ? નબળાઈને લીધે જ્ઞાનીને આર્ત્તધ્યાન ને રૌદ્રધ્યાન પણ થાય, પરંતુ અંતરમાં તે દુઃખરૂપ લાગે. અશુભ રાગ તો દૂર રહો પણ શુભરાગ પણ કલ્યાણનો માર્ગ નથી; માર્ગ તો વીતરાગભાવ છે અને તે પોતાથી જ જણાય છે.

* અહા ! આ સ્વતઃસિદ્ધ ચૈતન્યવસ્તુનો કર્તા કોણ હોય ? તેને આવરણ, અશુદ્ધતા કે અપૂર્ણતા કેમ હોય ? એક સમયની સાવરણ અશુદ્ધ ને અપૂર્ણ વર્તમાન અવસ્થાની સમીપમાં જ નિરાવરણ, શુદ્ધ ને પરિપૂર્ણ એવો ધ્રુવ જ્ઞાયકપ્રભુ પવિત્ર, નિષ્ક્રિય ને નિર્વિકલ્પપણે બિરાજે

છે; તેની પાસે દયા-દાન વગેરેના શુભભાવ, અરે! વ્યવહાર-રત્નત્રયનો પ્રશસ્ત વિકલ્પ કે જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય એવો ઊંચા પ્રકારનો શુભ વિકલ્પ—એ બધુંય પાણી ભરે છે, તેની કોઈ ગણતરી કે કિંમત નથી. જે ભાવે બંધ પડે તેની અબંધસ્વભાવી ચૈતન્યપ્રભુ પાસે કિંમત શાની હોય?

* વસ્ત્રમાં જેમ તાણાવાણા વણાઈ જાય છે તેમ પૂર્ણાનંદકંદ જ્ઞાયકની રુચિનું પોષણ અને તત્ત્વનું ઊંડું ઘૂંટણ અંદર ચૈતન્યની સાથે વણાઇ જવું જોઈએ અને તો જ સાધનાનું—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગનું કાર્ય થાય. લીંડીપીપરને ૬૪ પહોર ઘૂંટવાથી તેની પર્યાયમાં જેમ પૂર્ણ તીખાશ પ્રગટ થાય છે, તેમ રુચિને અંતર્મુખ વાળીને સ્વરૂપનું ઘૂંટણ કરતાં કરતાં આત્માની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. કોઈ દયા-દાન કે વ્રત-ભક્તિ કરતાં કરતાં સ્વરૂપ બહાર આવે છે એટલે કે લક્ષગત થાય છે—એમ નથી; એ તો વિકારી ભાવ છે, તેનાથી આત્માની પ્રાપ્તિ કદી થાય નહિ. ભાઈ! આ તો જેને અંદર આત્માની પ્રસિદ્ધિ—આત્મખ્યાતિ, આત્માનુભૂતિ—પ્રગટ કરવી હોય તેને માટે આ વાત છે.

* ધર્મી જીવને પણ ભૂમિકા-અનુસાર શુભાશુભ રાગ આવે છે પણ તે અગ્નિ સમાન બળતરા છે; અંદર અકષાયસ્વરૂપ, શાન્તસ્વરૂપ, વીતરાગસ્વરૂપ ભગવાન જ્ઞાયકનો આશ્રય લેવાથી જેટલી શુદ્ધિ પરિણમી છે તેટલી શાન્તિ, શીતળતા ને સુખ છે. સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના વગેરે પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો છે. ત્રણ કષાયના અભાવસ્વરૂપ વીતરાગતા જેમને અંતરમાં પરિણમી છે, પ્રચુર સ્વસંવેદન નિરંતર વર્તી રહ્યું છે એવા પ્રશાન્તમૂર્તિ વીતરાગ મુનિરાજને પણ પ્રમત્તદશામાં પ્રતિક્રમણ વગેરેનો, ભગવાનનાં દર્શન કરવાનો—ભગવાન સાક્ષાત્ ન હોય તો જિનમંદિરે જઈ જિનપ્રતિમાનાં દર્શન-સ્તવન વગેરેનો—વિકલ્પ આવે છે. તે વિકલ્પરૂપ શુભરાગ પણ દુ:ખરૂપ છે; તેને 'વિષકુંભ'—ઝેરનો ઘડો કહ્યો છે.

* અરેરે! જરી બહારની અનુકૂળતા મળે તેમાં જે રાજી રાજી થઈ

જાય તેને આ સમસ્ત શુભાશુભ વિભાવ પર્યાય, સાધનામય નિર્મળ પર્યાય અને એક સમયની પૂર્ણ દશા—કે જે બધું વસ્તુમાં ઉપર ને ઉપર તરે છે—તેની પહેલી પાર અંદર અખંડ જ્ઞાયકપ્રભુ બિરાજે છે તે કેમ બેસે? અંતરમાં અખંડ, એક, સકલનિરાવરણ, અવિનાશી, પ્રત્યક્ષ-પ્રતિભાસમય પરમપારિણામિક-શુદ્ધભાવમય જે પરમાત્મદ્રવ્ય તે જ હું છું—એ વાત કેમ બેસે? પોતાને અંતરનો અભ્યાસ નથી અને અત્યારે તો વક્તાઓમાં કથનની શૈલિ જ આખી ફરી ગઈ છે, શુભભાવ ને બહારની ક્રિયામાં જ ધર્મ મનાવી દીધો છે; ત્યાં આ, પર્યાયની કોઈ પણ પ્રકારની હલચલ વિનાના નિષ્ક્રિય ચૈતન્યપ્રભુની વાત ક્યાંથી બેસે? ચૈતન્યપ્રભુ પાસે બધુંય પાણી ભરે છે, બીજી કોઈ ચીજની કાંઈ ગણતરી કે કિંમત નથી.

* સાક્ષાત્ જિનેન્દ્રભગવાન મોહ-રાગ-દ્વેષ આદિ સમસ્ત દોષો રહિત હોવાથી જેવા પવિત્ર છે, રાગાદિ વિભાવની ક્રિયા નહિ હોવાથી જેવા નિષ્ક્રિય છે, કોઈ પણ પ્રકારનો વિકલ્પ નહિ હોવાથી જેવા નિર્વિકલ્પ છે, અને તે વીતરાગભાવની સ્થાપના હોવાથી જિનબિંબ પણ જેવું પવિત્ર, નિષ્ક્રિય. નિર્વિકલ્પ છે, તેવો જ તું પરમાનંદકંદ પ્રભુ પવિત્ર છો, દયા-દાન ને વ્રત-તપ આદિ શુભ રાગની ક્રિયાથી પણ રહિત નિષ્ક્રિય છો, દ્રવ્યગુણ-પર્યાય કે ગુણ-ગુણીના ભેદ રહિત અભેદ જ્ઞાનાનંદનું દળ નિર્વિકલ્પ છો. અહા! આત્માની આવી પ્રભુતા કેમ બેસે? ભાઈ! હિત કરવું હોય, જન્મમરણના ચક્રથી છૂટવું હોય, તો આ વાત સમજીને બેસાડયે જ છૂટકો છે.

* કોઠીમાં જેમ ઘઉં ભિન્ન છે તેમ આત્મામાં ગુણો ભિન્ન નથી. આત્મા તો જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર અભિન્ન પદાર્થ છે, તેમાં જો અધૂરાશ માનીશ તો તારી દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવનો સ્વીકાર નહિ આવે. પર્યાયમાં અપૂર્ણતા છે માટે વસ્તુસ્વભાવ પણ અપૂર્ણ—અધૂરો છે એમ જો માનીશ તો તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ થશે. તને શુદ્ધતા નહિ પ્રગટે. પ્રભુ! તું સ્વભાવે પૂરો છો, અધૂરો નથી. 'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં

આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.' આહા, આ વસ્તુ! વાત કેટલી સરસ છે!

* સૌ પહેલાં જ્ઞાન-આનંદાદિ અનંત શક્તિઓથી સદા પરિપૂર્ણ એવા નિજ ચૈતન્યદ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, અને તેમાં સિદ્ધભગવાનની જાતના અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે છે. માટે ત્રિકાળી ધ્રુવ પૂર્ણ ચૈતન્યતત્ત્વને દૃષ્ટિમાં લઈને આગળ વધ. જેથી સ્વરૂપરમણતા વધતાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થશે.

* દૃષ્ટિ પોતે પર્યાય છે; પણ તે પર્યાયને પૂર્ણ ધ્રુવ સ્વભાવ ઉપર રાખ ભાઈ! તારા આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણનાં દુઃખોનો અંત લાવવો હોય, તો શરીરાદિ બાહ્ય નિમિત્તો તથા દયા-દાનના વિકલ્પો ઉપરથી પણ તારી દૃષ્ટિ હઠાવી લે અને ત્રિકાળી પૂર્ણ ચૈતન્ય ભગવાન ઉપર તેને લગાવી દે. વર્તમાન પર્યાયમાં જે અપૂર્ણતા દેખાય છે તે આત્માની ચીજ નથી. દૃષ્ટિ અંદર થઈ અને તેણે પૂર્ણ સ્વભાવનો સ્વીકાર કર્યો તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ પ્રગટ થયું અને અતીન્દ્રિય આનંદનો થોડો સ્વાદ આવ્યો. હવે તેમાં આગળ વધ, જેથી તારી દશા સિદ્ધભગવાન જેવી પૂર્ણ થઈ જશે.

* ભાઈ! ઉપદેશ કોણ આપે ને મંદિરો કોણ બનાવે? ઉપદેશ નીકળે છે તે તો વચનવર્ગણાની અવસ્થા છે. ભગવાન આત્મા ભાષાવર્ગણાનો કર્તા નથી અને ભગવાન આત્મામાંથી ભાષા આવતી નથી. જગતમાં સર્વત્ર રહેલા ભાષાવર્ગણાના પિંડ જીવની ભાષાપર્યાપ્તિનું નિમિત્ત પામીને સ્વયમેવ શબ્દોરૂપે પરિણમી જાય છે; એ પ્રમાણે પથ્થર, ઈંટ અને ચૂનાના રજકણો સ્વયમેવ મંદિરરૂપે ગોઠવાઈ જાય છે; તેનો કર્તા આત્મા નથી. પરનું કર્તાપણું નહિ પણ કેવળ જ્ઞાતા-દ્રષ્ટાપણું એ જ આત્માનું સ્વરૂપ છે.

* સર્વજ્ઞ વીતરાગની વાણી વસ્તુ અને વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિના ઉપાયનું સ્વરૂપ કઈ રીતે, કઈ અપેક્ષાએ કહે છે તે બરાબર સમજે નહિ અને એકાંત તાણે તો તેની દૃષ્ટિમાં વિપરીતતા છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ

જેવા મહાન જ્ઞાની સંત પોતે સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાનો આરંભ કરતાં કહે છે—મારી અનુભૂતિ—પરિણતિ કે જે, પરપરિણતિના હેતુભૂત મોહને અસ્થિરતા-અપેક્ષાએ અલ્પ વશ થવાને લીધે, નિરંતર કલ્માષિત—મેલી છે તેની, આ સમયસારની વ્યાખ્યા કરતાં, પરમ વિશુદ્ધિ થાઓ. 'હું' કેવો છું—શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એક બાજુ કહે છે કે 'શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું' અને બીજી બાજુ પરિણતિમાં પૂર્ણ શુદ્ધિ થવાની ભાવના કરે છે. દ્રવ્યસ્વભાવે શુદ્ધ છે અને પર્યાયમાં અલ્પ કલુષતા પણ છે. બંને અપેક્ષાઓ બરાબર સમજવી જોઈએ.

* અહા! જ્ઞાયક આત્મદ્રવ્યના તળમાં ઊંડા ઊતરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થયું, પછી અંદર ઉગ્ર આશ્રય કરવાથી જે ચારિત્રદશા પ્રગટ થઈ, તેમાં જે શુદ્ધિ છે તે સ્વસન્મુખતાના પુરુષાર્થથી પર્યાયે પર્યાયે વધતી જાય છે. અહા! એવી દશાને મુનિપણું કહેવાય છે; અને જે અંદર ધ્રુવ જ્ઞાયકના તળમાં જઈને સ્વભાવનું નિધાન ખોલે—તળિયામાંથી પાતાળનું પાણી લાવે—તેને સમ્યગ્દર્શન કહેવાય છે. જેમ કોઈ ઊંડા કૂવામાં કોશિયો ભુસકો મારી, નીચે તળમાં જઈને તાગ—રેતી લઈ આવે, તેમ પ્રભુ! અંદર આનંદનો પાતાળિયો કૂવો છે તેના તળમાં જઈને આનંદ-ઝરતી નિર્મળ પર્યાયને બહાર લાવ ને.

* ભગવાન આત્મા કે જે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેની સમ્યક્ પ્રતીતિ, જ્ઞાન અને રમણતા જીવને અનાદિથી અપરિચિત છે. અંતરમાં શી ઘટમાળ ચાલે છે—ધર્માત્માને પણ અંદર દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ તથા તત્ત્વશ્રવણ-વાંચન-વિચારનો રાગ આવે છે, વિકલ્પોની ઘટમાળ ચાલે છે—તેનો આગમ એટલે કે વીતરાગની વાણી તથા તત્કાળબોધક ગુરુની વાણીથી જ નિર્ણય થઈ શકે છે. તેથી સાચા નિર્ણય માટે દેવ-ગુરુની વાણીને સાથે રાખવી, પોતાના સ્વચ્છંદથી—નિજ મતિકલ્પનાએ—નિર્ણય ન કરવો.

* અંતરમાં જાગતો જીવ—ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિ, ધ્રુવ જ્ઞાયક પદાર્થ—ઊભો છે, શાશ્વતો હાજરાહજૂર બિરાજમાન છે. તે ક્યાં જાય? ત્રિકાળી પ્રજ્ઞાબ્રહ્મ ધ્રુવ જ્ઞાયક ચીજ શું રાગમાં આવે? પર્યાયમાં

આવે ? સદા હાજરાહજૂર એવો ચૈતન્યદેવ અંતરમાં દૃષ્ટિગત કરે તો તે જરૂર પ્રાપ્ત થાય જ. તે પ્રાપ્ત થતાં જીવનાં જન્મ-મરણ ટળી જાય.

* દેહ, લક્ષ્મી વગેરે પરદ્રવ્યોથી તથા શુભાશુભ વિભાવોથી ભિન્ન પડી, અંતર સ્વસન્મુખ દૃષ્ટિ કરીને જે ચૈતન્યના ધ્રુવ તળમાં પહોંચી ગયો તે આત્મવસ્તુમાં રહેલી અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત આનંદ, અનંત વીતરાગતા આદિ અનંત ગુણવિભૂતિમાં પહોંચી ગયો. એ ગુણવૈભવ પાસે, શુભ-અશુભના જે રાગ આવે તે બધાં થોથાં લાગે. ભૂમિકા પ્રમાણે રાગ હોય, પણ તે થોથું લાગે, એની કિંમત ન લાગે; કિંમત—મહત્તા તો એકમાત્ર ચૈતન્યતળની જ લાગે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

* જ્ઞાયક સિવાયનું બીજું બધું—શરીર, વાણી, મન, સ્ત્રી-પુત્ર-પરિવાર તથા લક્ષ્મી, બંગલા વગેરે ભિન્ન પદાર્થો, તેમજ જીવની પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થતાં પુણ્ય-પાપરૂપ વિભાવભાવ, અરે! વ્યવહાર રત્નત્રયના વિકલ્પ સુદ્ધાં—પર છે એમ, જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં લેતાં તેમાં આવી ગયું. દાન-દાન, પૂજા-ભક્તિ ને વ્રત-તપની વાતો તો શુભ રાગ ને ક્રિયાની છે, એ કાંઈ આત્માની ચીજ નથી. આત્મા તો કેવળ જ્ઞાયક જ છે, બાકીનું બીજું બધું પર છે. 'હું કેવળ જ્ઞાયક છું, બીજું બધું પર છે' એમ અંતરમાં જ્યારે બરાબર ખ્યાલ આવે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય અને ભવના અંત આવે. જ્ઞાયકને ઓળખવાનું કામ કર, નહિતર ભવનો અંત નહિ આવે. પ્રભુ! ધર્મી તેને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ રુચે; તેને પુણ્ય-પાપના ભાવ અંતરમાં રુચે નહિ; વિભાવભાવ આવે, હોય, પણ રુચે નહિ.

* અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા છે, તેની દૃષ્ટિ, જ્ઞાન ને ભાવનારૂપ કારણ દેવું જોઈએ. રાગ ને જ્ઞાન વચ્ચે સાંધ છે, બન્ને એક થયાં નથી, અજ્ઞાની એક માને છે. પ્રજ્ઞાછીણી વડે બંને પોતપોતાનાં નિયત લક્ષણે જુદાં પડી જાય છે, માટે કદી એક થયાં જ નથી. તેને જુદાં પાડવા માટે તીવ્ર રુચિ અને દૃષ્ટિનું કારણ આપવું જોઈએ. કારણ આપે તો જ કાર્ય થાય.

* નિર્વિકલ્પ અનુભવમાં પડ્યો હોય ત્યારે તો ચિંતન વગેરે કાંઈ છે નહિ, પણ વિકલ્પ આવે તે કાળે ભેદજ્ઞાનનું—સ્વનું—લક્ષ રાખીને પરમાગમનું ચિંતન મુખ્ય રાખજે. અરે! ઉપરટપકે તો આગમનો અભ્યાસ અનંત વાર કર્યો. આચારાંગ સૂત્રનાં અઢાર હજાર પદ અને એક-એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક—એવાં અગિયાર અંગ અનંત વાર ભણી ગયો, પણ તેથી શું? ભાઈ! શરીર અને રાગથી ભિન્ન નિજ ચૈતન્ય ભગવાનનું અંદર લક્ષ કરી વિકલ્પની ભૂમિકામાં, ચૈતન્યનો રાહ બતાવનાર પરમાગમનું ચિંતવન મુખ્ય રાખજે ચિંતવનનો ભાવ છે તો શુભ રાગ, પણ અંદર લક્ષ બંધાયું છે ચૈતન્ય ઉપર.

* જ્ઞાનીને પર્યાયમાં અસ્થિરતાના કારણે ભલે અનેક પ્રકારના વિકલ્પો આવે, પણ દૃષ્ટિ તો સદા અંદર ધ્રુવ નિત્યાનંદકંદ અભેદ જ્ઞાયકપ્રભુ પર પડી છે. સ્વરૂપ-રમણતામાં હજુ અધૂરાશ છે. જ્ઞાનીને અશુભ રાગ પણ આવી જાય. રાગ કરવાની બુદ્ધિ નથી પણ ભૂમિકા હજુ નીચલી છે તેથી ભૂમિકા સાથે મેળવાળો રાગ ખસતો નથી. એના ને એના વિકલ્પો રહ્યા કરતા હોય તો તેથી જણાય કે તે રાગ છોડી શકતો નથી. તે વખતે પણ તેની દૃષ્ટિ તો અંદર જ્ઞાયકસ્વભાવ પર જ છે. તેને હજુ ચારિત્રમાં અપૂર્ણતા છે; દૃષ્ટિ થતાં અંશે સ્થિર થયો એટલું ચારિત્ર છે, પણ પૂર્ણ ચારિત્ર નથી.

* પંચમ પરમભાર કહો, પરમપારિણામિક ભાવ કહો, દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત ત્રિકાળશુદ્ધ દ્રવ્યસામાન્ય કહો, જ્ઞાયકભાવ કહો કે ભૂતાર્થસ્વભાવ કહો—બધાનો અર્થ એક જ છે. સમયસારની ૧૧મી ગાથામાં આવ્યું છે ને!—'**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।**'—'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.' ભૂતાર્થ એવો જે ત્રિકાળશુદ્ધ પરમપારિણામિકભાવ તેનો આશ્રય કરવાથી, તેને પકડવાથી, વર્તમાન પર્યાયને તેની સન્મુખ લઈ જવાથી, વર્તમાન પર્યાય વડે તેમાં જ 'અહં' પણું સ્થાપવાથી સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણતા સુધીની બધી શુદ્ધિઓ પ્રગટે છે.

* જ્ઞાયક પરમભાવનો આશ્રય કરવાથી પ્રથમ સમ્યગ્દર્શનરૂપ આંશિક શુદ્ધિનો પ્રારંભ થાય છે, પછી તો દરિયામાં જેમ ભરતી આવે તેમ શુદ્ધિમાં ભરતી આવે છે. દરિયામાં ભરતી કાંઠે આવે છે ને? તેમ અનંત-ગુણના ભંડારસ્વરૂપ પરમભાવનો અંતરમાં સ્વીકાર થઈને આશ્રય લીધો ત્યાં પર્યાયમાં શુદ્ધિની ભરતી આવે છે. અહા! શુદ્ધિની શરૂઆત ને શુદ્ધિની વૃદ્ધિ—બધું પરમપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમભાવના આશ્રયે જ થાય છે, બાકી બાહ્યલક્ષે લાખો શાસ્ત્ર ભણે ને લાખો-કરોડો તપસ્યા કરે તોપણ અંતરમાં શુદ્ધિની શરૂઆત પણ નહિ થાય.

* આ ત્રિકાળી દ્રવ્ય અભેદ છે અને તેને હું ગ્રહણ કરું છું—એમ પર્યાયમાં—ભેદમાં ઊભો ઊભો 'અભેદ છું' માને એ દૃષ્ટિ પણ મિથ્યાત્વ છે. પર્યાયમાં ઊભો ઊભો એટલે કે ભેદમાં—પર્યાયમા 'હું' પણું રાખીને 'આ દ્રવ્ય અભેદ છે' એમ લક્ષ કરે છે ત્યાં પોતે તો પર્યાયમાં ઊભો છે, માટે તે પર્યાયદૃષ્ટિ છે. ખરેખર તો પર્યાય, ગુણભેદ ને 'આ અભેદ દ્રવ્ય હું છું' (આ ને હું) એવો ભેદ પણ કાઢી નાખીને ત્રિકાળ શુદ્ધ અભેદ જ્ઞાયકમાં 'હું' પણું સ્થાપી દેવું—શ્રદ્ધાનમાં અભેદ જ્ઞાયકભાવે પરિણમી જવું—તે જ સાચી દ્રવ્યદૃષ્ટિ છે.

* ઔદયિક ભાવ, ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ—તે ચાર ભાવ સમળ–નિર્મળ પર્યાયસ્વરૂપ છે, આ પંચમ પરમ-પારિણામિકભાવ તો ત્રિકાળશુદ્ધ અભેદ દ્રવ્યસ્વરૂપ છે, માટે તે પાવન છે ને પૂજનીય છે; કેમ કે તેના આશ્રયે જ પ્રારંભથી પૂર્ણતા સુધીની બધી શુદ્ધિઓ પ્રગટે છે. પર્યાયસ્વરૂપ ચાર ભાવના આશ્રયે—લક્ષે શુદ્ધિ પરિણમતી નથી, પરંતુ ભેદના વિકલ્પ ઊઠે છે માટે તેઓ, આશ્રયયોગ્ય નથી એ અપેક્ષાએ, પાવન કે પૂજનીય કહેવાતા નથી. પર્યાયમાં કર્તવ્ય–અપેક્ષાએ બધી શુદ્ધિઓ પાવન ને પૂજ્ય છે, પણ એ તો સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, દૃષ્ટિનો વિષય નથી; દૃષ્ટિ કોઈ પણ પર્યાયને કે ગુણભેદને સ્વીકારતી નથી.

# વિવિધ–સમાચાર

—તંત્રી

અધ્યાત્મ–યુગ–સર્જક, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પરમ તારણહાર,
પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગે
ખંડવા શહેરમાં સાનંદ ઉજવાયેલો

## 卐 શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ 卐

પરમ આદરણીય દિગંબર સંતોના પરમાગમોના ગૂઢ આધ્યાત્મિકભાવોને કોઈ ને કશીયે આશંકા ન રહી જાય તેવી તદ્દન સરળ ભાષા દ્વારા ૪૫–૪૫ વર્ષ સુધી સમજાવનાર અનંત–ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ તેઓશ્રીના અનંત–ઉપકાર–મહિમાનું સતત સ્મરણ કરાવનાર ભક્તારત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મપ્રભાવનાયોગે, ખંડવા શહેરમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીભક્તગણનિર્માપિત શ્રી આદિનાથ દિગમ્બર જિનમંદિરના' શ્રી દિગમ્બર જિનબિંબ પંચકલ્યાણ પ્રતિષ્ઠામહોત્સવનું તા. ૨૯–૧–૯૩ થી ૫–૨–૯૩ સુધી આઠ દિવસનું જે ભવ્ય આયોજન ખંડવાના દિગંબર જૈન મુમુક્ષુ મંડળે કર્યું હતું તે મહોત્સવ ખરેખર અકલ્પનીય ભવ્યતાથી અત્યંત આનંદ પૂર્વક સારી રીતે ઉજવાયો હતો. ઉત્સવના સમયે બધાની હૃદયભૂમિમાં ઉછળતા આનંદઉત્સાહથી એવો અનુભવ થયો કે જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેઓશ્રીના ભક્તારત્ન બહેનશ્રી ચંપાબહેન અંતરીક્ષમાં હાજર થઈ અનુભવપ્રધાન–તત્ત્વજ્ઞાનપૂર્વક, શ્રી જિનેન્દ્રદેવની ભક્તિમાં પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ ભવ્ય પ્રતિષ્ઠોત્સવ દ્વારા વસ્તુતઃ મધ્ય પ્રાન્તમાં અધ્યાત્મધર્મની ખૂબ પ્રભાવના થઈ હતી.

સમ્યગ્દર્શનના ઉપયોગ અર્થે આવા જિનબિંબ પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લેવા હેતુ દેશ–વિદેશના ઓછામાં ઓછા ત્રણ હજાર મુમુક્ષુ આવ્યા હતા, સ્થાનિક તેમ જ બહારના મળીને લગભગ પાંચ હજારથી વધુની હાજરી રહી હતી. શાંતિજાપથી લઈ ને શાંતિયજ્ઞ તથા પ્રતિષ્ઠા–ઉત્સવ–સમાપન–રથયાત્રા સુધીના બધા કાર્યક્રમ ખૂબ નિયમિત તથા વિશેષ આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાયા હતા. જન્મકલ્યાણકની શોભાયાત્રા તો એટલી બધી ભવ્ય હતી કે ગામના માહેશ્વરી આદિ અન્ય અનેક જૈનો પણ ખુશ થઈ ને ભાવપૂર્વક હર્ષ વ્યક્ત કરતા હતા કે "આવી ભવ્ય શોભાયાત્રા ખંડવામાં અમે ક્યારેય જોઈ નથી; જોઈ તો નથી પરંતુ છેલ્લા ૧૦૦ વર્ષોમાં આવી મોટી ભવ્યતાથી સુસોભિત શોભાયાત્રા નીકળી હોય એવું ક્યારેય સાંભળ્યું પણ નથી."

આ ભવ્ય જિનપ્રતિષ્ઠોત્સવમાં વિશેષતા એ રહી કે પ્રતિષ્ઠાના શાસ્ત્રીય વિધિવિધાન ઉપરાંત ઉપસ્થિત મહેમાનોને અનુભવપ્રધાન તત્ત્વજ્ઞાનનો વિશેષ લાભ મળતો હતો. તત્ત્વજ્ઞાનના લાભનો મુખ્ય સ્રોત હતો આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઓડિયો-ટેપપ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા. સમયાનુસાર સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન પણ રાખવામાં આવ્યા હતા. આ મંગળ મહોત્સવમાં શ્રી હીરાભાઈ, દહેગામ, ડો. પ્રવીણભાઈ દોશી (F. R. C. S. લંડન) રાજકોટ, શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), બ્ર. વ્રજલાલભાઈ શાહ (વઢવાણ), બ્ર. ચંદુલાલભાઈ ઝોબાલિયા (સોનગઢ), શ્રી અશોકભાઈ (મલકાપુર) તથા બ્ર. રમેશભાઈ જટાલા (મલકાપુર)એ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ભક્તિભાવયુક્ત તાત્ત્વિક શાસ્ત્ર-પ્રવચન આપ્યા હતા.

આ જિનબિંબ-પંચકલ્યાણકની શાસ્ત્રોક્તવિધિ સોનગઢ નિવાસી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા (જૈન) તથા વઢવાણ નિવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહે કરાવી હતી. વાંકાનેર નિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠે વિધિવિધાનમાં પોતાનો સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની શુદ્ધ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ કુશળતાપૂર્વક તથા આહ્લાદક ઢંગથી કરાવવામાં એ બે બ્રહ્મચારી ભાઈઓએ જે સહૃદય પરિશ્રમ લીધો હતો એ વિષયમાં કહેવામાં આવે તે ઓછું છે.

શરૂઆતમાં પ્રત્યેક વિધિ પ્રતિષ્ઠાચાર્ય દ્વારા સંક્ષેપમાં સમજાવવામાં આવતાં પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધા વિધિવિધાન નિશ્ચિત સમયમાં પૂર્ણ થઇ જતા હતા. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારી સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને જિનભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓને અનુભવાતો હતો.

પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની મંગલ વિધિ દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' તથા માનનીય પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી, ઇન્દૌર દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠા-પ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરાવવામાં આવી હતી.

પંચકલ્યાણક-જિનબિંબ પ્રતિષ્ઠોત્સવની વિધિના ક્રમ અનુસાર શાંતિજાપપ્રારંભ, મંડપપ્રતિષ્ઠા, શોભાયાત્રા સાથે વિધિ અધ્યક્ષ ૧૦૦૮ પરમપૂજ્ય શ્રી સુપાર્શ્વનાથસ્વામીના પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠા મંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાંદીવિધાન (મંગલ કળશનું સ્થાપન), અખંડ-દીપપ્રદીપન, ધર્મધ્વજ આરોહણ, પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા, જિનઅભિષેક, (પરમપૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ) ગુરુ-આજ્ઞા, ઇન્દ્ર પ્રતિષ્ઠા, ઇન્દ્રોની શોભાયાત્રા, પ્રતિષ્ઠાવિધાનમાં યાગમંડલપૂજા, જલયાત્રા, વેદી-કળશ-ધ્વજ-મંદિર-શિખરશુદ્ધિ આદિ શાસ્ત્રોક્તવિધિ ક્રમશઃ શરૂ કરીને તા. ૩૧-૧-૯૩ના

રોજ રાત્રે વિધિનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા શરૂ થઈ હતી. આ સમયે આયોજિત જે અચ્યુતેન્દ્રસભા ઇન્દ્રસભા તથા શ્રી સિદ્ધાર્થરાજાની રાજસભા, એના ભાવવાહી મનોજ્ઞ દૃશ્યોની વાત શું કહેવી ! અચ્યુતેન્દ્રસભામાં અચ્યુતેન્દ્ર તથા અચ્યુત–પાર્ષદ શીઘ્ર મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી ઉગ્ર વીતરાગ સંયમસાધના માટે તડપતા હતા. સૌધર્મ વગેરે ઇન્દ્રોની ઇન્દ્રસભા સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તથા તીર્થંકર મહિમાની મનોહારી ચર્ચાઓ મુમુક્ષુઓના મનને પ્રમુદિત કરતી હતી.

સિદ્ધાર્થમહારાજાની રાજસભામાં ઉપસ્થિત વિભિન્ન નરેશોની જિનેન્દ્રમહિમાપૂર્ણ અધ્યાત્મતત્ત્વચર્ચા, મહારાણી ત્રિશલાદેવીની શ્રી હ્રીં ધૃતિ વગેરે દેવીઓ સાથે સ્વાનુભૂતિ-પ્રધાન અધ્યાત્મરસસભર મનોજ્ઞ તત્ત્વગોષ્ઠી તથા જિનેન્દ્રભક્તિમય આનંદજનક વાતાવરણ —એ બધું અદ્‌ભૂત હતા. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ક્રમશઃ સ્વપ્નદર્શન, ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, સુમેરુપર્વત–પાંડુકશિલા પર જન્માભિષેક, જન્મકલ્યાણક–પૂજા, ઇન્દ્રો દ્વારા સ્તુતિ તથા તાંડવ નૃત્ય, મહાવીર–વાર્ષિક–જન્મોત્સવ તથા રાજાઓ દ્વારા અભિવાદન, ત્રિશલામાતા દ્વારા મહાવીરકુમાર સાથે વિવાહને માટે અનુરોધ, વિવાહના પ્રસ્તાવને સમયે વૈરાગ્યમૂર્તિ મહાવીરની પરિણતિમાં વિશેષ નિર્મળતાને કારણે જાતિસ્મરણજ્ઞાનની ઉત્પત્તિ તથા આ કારણે સંસારવિરક્તિની સાતિશય અભિવૃદ્ધિ, લૌકાંતિક દેવો દ્વારા વૈરાગ્યની સરાહના, દીક્ષાકલ્યાણક શોભાયાત્રા, દિક્ષાગ્રહણવિધિ, ઇન્દ્રો દ્વારા દિક્ષા-કલ્યાણક–પૂજા, અંકન્યાસ, ૪૮ સંસ્કાર, કૂલપાક નગરીના રાજા ' કૂલ ' દ્વારા નવધાભક્તિપૂર્વક આહારદાન, ક્ષપકશ્રેણ્યારોહણના મન્ત્રસંસ્કાર ઇત્યાદિ તથા કેવળજ્ઞાનકલ્યાણક–પૂજા, અન્ય દેશોમાં જિનવર વિહાર, નિર્વાણકલ્યાણક–સમારોપણના નિમિત્તે નિર્વાણ ભક્તિપાઠ ઇત્યાદિના ભક્તિભાવભીના અદ્‌ભુત દૃશ્યોને જોઈ ને મુમુક્ષુસમુદાયને અન્તરમાં એવો અનુભવ થતો હતો કે સમ્યગ્દર્શનની ઉત્પતિ માટે જિનાગમોમાં બાહ્ય સાધનના રૂપમાં એક ' જિનેન્દ્ર-મહિમાદર્શન ' ( પંચકલ્યાણકદર્શન ) કહ્યું છે એ વસ્તુતઃ સત્ય છે.

શ્રી જિનબિંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠાના આ સુંદર અવસર પર આયોજિત, પ્રતિષ્ઠા ઉત્સવના અંગભૂત અલગ ભવ્ય શોભાયાત્રા પણ વિશેષ ચિત્તાકર્ષક હતી. ઐરાવત હાથી તથા અન્ય ત્રણ હાથી યુક્ત જન્મકલ્યાણકની લાંબી મનમોહિની ભવ્ય શોભાયાત્રાના અને પાંડુકશિલા પર બાલતીર્થંકર શ્રી મહાવીરના જન્માભિષેકના મનોહારી દૃશ્યોએ તો ભક્તોના મનમંદિરને અત્યંત આનંદિત કરી દીધા હતા. આનંદોત્સાહથી બધાને એવો અનુભવ થતો હતો કે માનો ખંડવાનગરી આજ ખરેખર વૈશાલી–કુંડલપુરી બની ગઈ હોય !

નવનિર્મિત શ્રી આદિનાથ દિગમ્બર જિનમંદિર તથા શ્રી જિનબિંબ–પંચકલ્યાણક પ્રતિષ્ઠોત્સવનું અનુપમ સૌભાગ્ય જેના પવિત્ર તથા પરમ ધર્મપ્રતાપથી, ખંડવાનગરીના

મુમુક્ષુઓને ઉપલબ્ધ થયું હતું એવા આપણા પરમ તારણહાર પરમપૂજ્ય કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ મુમુક્ષુહૃદય ઉપકૃતતાની અન્તરભીની ભાવનાયુક્ત અસાધારણ ભક્તિભાવથી ઉછળતા હતા. પરમોપકારી ધર્માત્માઓના 'જયનાદથી' વાતાવરણ આનંદથી સભર થઈ જતું હતું. ચાર ચાર વખત એ સ્વાનુભવવિભૂષિત ઉપકારી ધર્માત્માઓના પુનીત પગલાથી ખંડવાનગરી પાવન થઈ હોવાથી, માનો આપણા વચ્ચે હજી પણ એમની મંગલમયી કલ્યાણી હાજરી હોય એવો અતિશય આનંદ-ઉલ્લાસ મુમુક્ષુઓના હૃદયમાં હતો. પરમપૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારીપ્રતાપથી આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની મંગલ આશિષ-છાયામાં અસાધારણરૂપથી ઉજવાયેલો આ પવિત્ર મહોત્સવ ખંડવાનગરીના ઇતિહાસમાં સોનાના શબ્દથી લખાઈ ગયો છે. એનો આનંદજનક પ્રતિઘોષ ચિરકાળ સુધી મુમુક્ષુઓના કાનમાં ગૂંજતો રહેશે.

આ મંગલ અવસરે જિનબિંબ-પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવની આનંદકારી સફળતાની શુભકામનાના તાર તથા પત્રો અનેક મુમુક્ષુમંડળ તથા મુમુક્ષુ મહાનુભાવ તરફથી આવ્યા હતા. તેમાંથી પ્રમુખતઃ માત્ર એક શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના શુભકામનાના તારનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે :—

"પંચકલ્યાણક-મહોત્સવની સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ. પંચપરમેષ્ઠી ભગવંતોના પવિત્ર ચરણકમળમાં કોટીકોટી વંદન. દૈવી પવિત્ર ઉત્સવમાં ભાગ લેવાવાળા બધા મુમુક્ષુઓને હાર્દિક અભિનંદન."

—શ્રી. દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

આ મંગલ મહોત્સવમાં વિભિન્ન બોલીઓના સમયે જે 'શ્રી વર્ષા' થઈ તે ખરેખર આશાધિક હતી. બધી બોલી તુરત પૂર્ણ થઈ જતી હતી. બોલીના સમયે, લાભાન્વિત થવાની ભાવનાથી ઉદારતાવાળા મહાનુભાવોમાં એવી પ્રસન્નતા દેખાતી હતી કે જાણે પરમપૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારી પ્રતાપથી જ, સ્થાનિક તેમ જ દેશ-વિદેશના ધનદ આ પવિત્ર જિનબિમ્બ-મહોત્સવમાં ખેંચાઈ આવ્યા હોય! આ ઉત્સવમાં ખંડવા મુમુક્ષુમંડળને જન્માભિષેક, જિનબિમ્બ-પ્રતિષ્ઠા વગેરે અનેક બોલીઓ દ્વારા રૂા. ૨૪,૦૦,૦૦૦ (ચોવીશ લાખ) અને શિલાન્યાસના સમયે થયેલ રકમ રૂા. ૮,૦૦,૦૦૦ થઈને કુલ રૂા. ૩૨,૦૦,૦૦૦ (બત્રીસ લાખ)ની રકમ થઈ હતી.

શ્રી મહાવીર-પંચકલ્યાણકના આ મંગલ અવસર પર પ્રતિષ્ઠામંડપમાં વિધિ-અધ્યક્ષ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના જિનબિમ્બને બિરાજમાન કરવાની, અખંડ-દીપપ્રદીપનની તથા ધર્મ-ધ્વજારોહણની મંગલ વિધિનો ઉલ્લાસપૂર્વક લાભ ક્રમશઃ શ્રી હીરાભાઈ ભીખાભાઈ શાહ, દેહગામ, શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરત્ન-પરિવાર તથા શ્રી

નાઈરોબી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ ( હા. પ્રફુલભાઈ રાજા તથા શ્રી કિરણભાઈ શાહ, નાઈરોબી )ને પ્રાપ્ત થયો હતો.

શ્રી સિદ્ધાર્થ મહારાજા તેમ જ શ્રી ત્રિશલાદેવી માતા બનવાનું સૌભગ્ય ખંડવા નિવાસી શ્રી મોતીલાલ ચુનીલાલ તેમ જ તદ્ધર્મપત્ની શ્રી કુસુમબેનને મળ્યો હતો. સૌધર્મ આદિ ૧૨ ઇન્દ્ર-ઇન્દ્રાણિ તેમ જ કુબેર બનવાનું સૌભાગ્ય અનુક્રમે ( ૧ ) શ્રી પ્રફુલભાઈ દેવચંદ રાજા તથા ધર્મપત્ની શ્રી સરોજબેન રાજા, નાઈરોબી; ( ૨ ) શ્રી કિરણભાઈ શાહ અને શ્રીમતી જયશ્રીબહેન શાહ, નાઈરોબી; ( ૩ ) શ્રી રાજા-બહાદુર ફકીરચંદ જૈન અને શ્રીમતી શિરોમણિ જૈન, ખંડવા; ( ૪ ) શ્રી સુમેરચંદ્ર સીતાબચંદ્ર જૈન અને શ્રીમતી નિર્મળાબેન ખંડવા; ( ૫ ) શ્રી રાજકુમાર નેમચંદ તથા શ્રીમતી ગુણમાલા, ખંડવા; ( ૬ ) શ્રી સુભાષચંદ્ર સીતાબચંદ તથા શ્રીમતી સ્વર્ણલત્તા જૈન, ખંડવા; ( ૭ ) શ્રી હરીભાઈ પરબતભાઈ પટેલ તથા શ્રીમતી શાંતાબેન પટેલ, સુરત; ( ૮ ) શ્રી અનિલભાઈ વિનોદરાય કામદાર તથા તેમના ધર્મપત્ની, રાજકોટ; ( ૯ ) શ્રી કૈલાસચંદ સીતાબચંદ જૈન તથા શ્રીમતી સૂરજબેન, ખંડવા; ( ૧૦ ) શ્રી દરિયાવચંદ જૈન તથા શ્રીમતી રાજકુમારી, ખંડવા, (૧૧ ) શ્રી સ્વરૂપચંદ અને શ્રીમતી સરોજબેન, ખંડવા; ( ૧૨ ) શ્રી શાંતીલાલજી સરાફ તથા શ્રીમતી વિમળાબેન, ખંડવા; ( ૧૩ ) શ્રી સત્યેન્દ્રકુમાર જૈન તથા તેમના ધર્મપત્ની, ખંડવા; ( ૧૪ ) નિર્મળચંદજી જૈન તથા શ્રીમતી માલતીબેન, ખંડવા; ( ૧૫ ) શ્રી દેવેન્દ્રકુમાર સુરેન્દ્રકુમાર તથા તેમના ધર્મપત્ની ખંડવા; ( ૧૬ ) શ્રી મુકેશકુમાર તથા શ્રીમતી ડાલીબેન; કુબેર: શ્રી જયકુમાર સુરજમલ બડવાહ; અચ્યુતેન્દ્ર તથા તત્પાર્ષદ બનવાનું સૌભાગ્ય ક્રમશઃ ( ૧ ) સુખમાલજી જૈન, દિલ્હી; ( ૨ ) શ્રી અરૂણકુમાર સુરજમલ જૈન, ખંડવા; ( ૩ ) શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર, રાજકોટ; ( ૪ ) શ્રી ઓમપ્રકાશજી જૈન, ખંડવા; ( ૫ ) શ્રી સ્વરૂપચંદજી જૈન, ખંડવાને મળ્યું હતું. સિદ્ધાર્થ મહારાજાના દરબારના રાજા બનવાનું સૌભાગ્ય ક્રમશઃ ( ૧ ) સર્વ શ્રી મોહનલાલ મોતીલાલ, ખંડવા, ( ૨ ) નગીનદાસ પ્રેમચંદ; ( ૩ ) સુભાષ-ચંદ્ર જૈન, ખંડવા; ( ૪ ) સુધીરકુમાર જૈન, ઉજ્જૈન; ( ૫ ) મહેશભાઈ દોલતરાય મહેતા, જામનગર; ( ૬ ) નેમચંદજી જૈન, ઉજ્જૈન; ( ૭ ) જવાહરલાલ મોતીલાલ, ખંડવા; ( ૮ ) ચિન્તામણિ ઇશ્વરચંદજી, ખંડવા; ( ૯ ) ડૉ. દીલીપ ફકીરચંદ જૈન, ખંડવા; ( ૧૦ ) સેવાબાઈ ઇશ્વરચંદજી જૈન, ખંડવા; ( ૧૧ ) ધરમચંદજી જૈન, જબલપુર; ( ૧૨ ) ઓમપ્રકાશજી જૈન, ખંડવા; ( ૧૩ ) સુમેરચંદ સીતાબચંદ જૈન, ખંડવા; ( ૧૪ ) બાબુલાલ દયાચંદ્ર, દિલ્હી; ( ૧૫ ) અનંતરાય પદમચંદ, સનાવદ; ( ૧૬ ) જશવંતભાઈ શાંતીલાલ, કલકત્તા; ( ૧૭ ) ચીમનલાલ/ગીરધરલાલ ઠાકરશી મોદી, મુંબઈ; ( ૧૮ ) કલ્યાણમલ કૈલાશચંદ, ખંડવા; ( ૧૯ ) ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરત્ન-

પરિવાર, ખંડવા; ( ૨૦ ) દગડુશા અમોલકચંદજી, સનાવદ. તેમ જ સિદ્ધાર્થ મહારાજાના મહામંત્રી શ્રી સુખમાલજી જૈન, દિલ્હી.

જન્માભિષેકના પ્રથમ કળશનો લાભ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા ( સોનગઢ તથા મુંબઈ ટ્રસ્ટના અધ્યક્ષ )ને મળ્યો હતો. પ્રથમ સુવર્ણ કળશનો લાભ શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી, હા. શ્રી ગુણવંતભાઈ ભાયાણીને પ્રાપ્ત થયો હતો. પારણા–ઝુલનનો પ્રથમ લાભ શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, મુંબઈને સંપ્રાપ્ત થયો હતો. મહાવીર મુનિરાજને પ્રથમ આહારદાન કરાવવાળા કુલપાક નગરીના રાજા ' કુલ ' બનવાનું સૌભાગ્ય શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, દેહગામવાળાને પ્રાપ્ત થયું હતું.

શ્રી જિનબિંબપ્રતિષ્ઠાનો અમૂલ્ય લાભ નીચે દર્શાવેલ મહાનુભાવોને પ્રાપ્ત થયો હતો :—મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન : શ્રી વિમળાબેન સારાભાઈ શાહ–પરિવાર, મુંબઈ; શ્રી સીમંધર ભગવાન આદિ વીશ વિદેહી વિહરમાન ભગવંતોને બિરાજમાન કરવાનો લાભ ક્રમશઃ ( ૧ ) શાંતીલાલ દલીચંદ શાહ, હા. શ્રી જશવંતભાઈ તથા શ્રી અંજનભાઈ શાહ, કલકત્તા; ( ૨ ) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, હા. શ્રી આનંદભાઈ, મુંબઈ; ( ૩ ) શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરત્ન–પરિવાર, ખંડવા; ( ૪ ) શ્રી રામકુંવરબેન, માતુશ્રી સુરેન્દ્રકુમાર, ઇન્દોર; ( ૫ ) શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાલિયા પરિવાર, હા. શ્રી ભરતકુમાર, સોનગઢ; ( ૬ ) શ્રી દોલતરાય માણેકચંદ મહેતા, હા. શ્રી પુષ્પાબેન, જામનગર; ( ૭ ) શ્રી વિમળાબેન સારાભાઈ શાહ પરિવાર, મુંબઈ; ( ૮ ) શ્રી વ્રજલાલ મગનલાલ શાહ પરિવાર, જલગામ; ( ૯ ) શ્રી માણાભાઈ રૂપચંદજી જૈન; ( ૧૦ ) શ્રી રાજાબહાદુર ફકીરચંદજી જૈન, ખંડવા; ( ૧૧ ) શ્રી ધીરજલાલ નરોત્તમ શાહ, હા. રૂપાબેન સિદ્ધાર્થ શાહ, મુંબઈ; ( ૧૨ ) શ્રી નાઈરોબી દિ. જૈન મુમુક્ષુમંડળ હા. પ્રફુલભાઈ રાજા–કિરણભાઈ શાહ; ( ૧૩ ) શ્રી પ્રેમચંદ હસમુખલાલ ચંગાવત; ઉદયપુર; ( ૧૪ ) શ્રી રસિકલાલ અમૃતલાલ મહેતા, ( દાદર ) મુંબઈ; ( ૧૫ ) શ્રી નવનીતરાય ભૂપતલાલ દોશી, હા. કુસુમબેન દોશી, મુંબઈ; ( ૧૬ ) ચિમનલાલ/ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ ( મુંબઈ ); ( ૧૭ ) શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી, મુંબઈ; ( ૧૮ ) શ્રી તરુણકુમાર સુમતિચંદ્ર જૈન, ખંડવા; ( ૧૯ ) શ્રી સેવાબાઈ ધર્મપત્ની ડો. ધરમચંદજી જૈન, ખંડવા; ( ૨૦ ) શ્રી સૂર્યકિર્તી દિ. જૈન યુવકમંડળ, મલાડ ( મુંબઈ ).

શ્રી **બાહુબલી ભગવાન :** શ્રી માણાબાઈ સૂરજમલ શરાફ, હા. શ્રી અરુણકુમાર ખંડવા; શ્રી **મહાવીરસ્વામી ( વિધિનાયક ) :** શ્રી નાઈરોબી દિ. જૈન મુમુક્ષુમંડળ, હા. પ્રફુલભાઈ રાજા –કિરણભાઈ શાહ; **કળશારોહણ :** શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ; હા.

સિદ્ધાર્થભાઈ–રુપાબેન, શાંતાક્રુઝ (મુંબઈ). ધ્વજારોહણ : શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ પંચરત્ન–પરિવાર, ખંડવા; શ્રી કુંદકુંદ–ચરણચિહ્ન : શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ, હા. સિદ્ધાર્થભાઈ–રૂપાબેન, મુંબઈ; આચાર્ય–કુન્દકુન્દ ચિત્રપટ : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી, હા. આનંદભાઈ–મુંબઈ; શ્રી આચાર્ય–અમૃતચંદ્ર–ચિત્રપટ : શ્રી નિર્મળાબેન કંવરચંદજી જૈન, સનાવદ; મુનિરાજ પદ્મપ્રભમલધારીદેવ : શ્રી પ્રભુલાલ દેવકરણ પારેખ, હા. બ્ર. કુંદનબેન, રાજકોટ; સમયસાર : શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા, મુંબઈ; પ્રવચનસાર : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, હા. શ્રી આનંદભાઈ જસાણી, મુંબઈ; નિયમસાર : શ્રી શીલાબેન સુરેન્દ્રકુમાર જૈન, ઇન્દ્રૌર; પંચાસ્તિકાયસંગ્રહ : બ્ર. આશાબેન, બ્ર. ચંદ્રાબેન, બ્ર. વીણાબેન, બ્ર. સુબોધબેન તથા કું. સ્વાધીનબેન, ખંડવા; અષ્ટપ્રાભૃત : શ્રી જયાબેન કીર્તિકુમાર, પુના; ગુરુદેવશ્રીનું ચિત્રપટ : શ્રી જિનેશ જિતેન્દ્ર શાહ તથા શ્રી વિપુલ શાંતિલાલ મોદી, ઘાટકોપર; બહેનશ્રી ચંપાબેનનું ચિત્રપટ : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, હા. આનંદભાઈ.

ખંડવાના નવનિર્મિત આ જિનમંદિરના તલઘરમાં જે ભવ્ય 'શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન સ્વાધ્યાયમંદિર' થયું છે તેના ઉદ્ઘાટનની મંગલ વિધિ શ્રી નાઇરોબી દિ. જૈન મુમુક્ષુમંડળ વતી (તેના પ્રતિનિધિ શ્રી પ્રફુલ્લભાઇ રાજા અને શ્રી કિરણભાઇ શાહના શુભ હસ્તે) થઇ હતી.

સર્વશ્રી પંડિતરત્ન હિંમતલાલ જે. શાહ સોનગઢ; નાઇરોબી દિ. જૈન મુમુક્ષુમંડળ; શાંતિલાલ રતિલાલ શાહ, મુંબઈ; જગદીશભાઈ મોદી, મુંબઈ; ચંદ્રકાંત ઉજમશી મહેતા, U. S. A; પ્રવીણચંદ્ર ભગવાનજીભાઈ સંઘવી, અમદાવાદ; જડાવબેન નાનાલાલભાઈ જસાણી, મુંબઈ; પુષ્પાબેન દોશી, મુંબઈ; ચીમનલાલ છોટાલાલ ઝોબાલિયા, મુંબઈ; ચીમનભાઈ સંઘવી, મુંબઈ; રસિકભાઇ સંઘવી, કલકત્તા; ચંપકભાઈ સંઘવી, મુંબઈ; રમેશભાઈ કામદાર, મુંબઈ; મુંબઈ મુમુક્ષુમંડળ; દાદાર મુમુક્ષુમંડળ; ઘાટકોપર મુમુક્ષુમંડળ; ઉપનગર મુમુક્ષુમંડળ, મલાડ; બ્ર. ચંદુલાલભાઈ ઝોબાલિયા, સોનગઢ; ધનલક્ષ્મીબેન પ્રાણભાઈ કામદાર, દાદર; પ્રેમચંદ પાનાચંદ ભાયાણી, મુંબઈ; છોટાલાલ કેશવજી ભાયાણી, મુંબઈ; જયસુખભાઈ ખાટડીયા, મુંબઈ; સપાણી–પરિવાર, મદ્રાસ, હૈદ્રાબાદ, મુંબઈ; મદ્રાસ મુમુક્ષુમંડળ, દિનેશચંદ અંબાલાલ શાહ, મુંબઈ; બ્ર. કંચનબેન મગનલાલ, સોનગઢ, બ્ર. શારદાબેન તથા બ્ર. સુશીબેન જગજીવનદાસ, સોનગઢ; રસિકભાઈ જગજીવનદાસ, સુરેન્દ્રનગર; બ્ર. નિર્મળાબેન/બ્ર. લતાબેન પોપટલાલ શાહ, સોનગઢ; મંજુબેન પ્રેમચંદભાઈ ઉજમશી, સોનગઢ; કિરીટભાઈ, મુંબઈ આદિ અનેક મહાનુભાવો તરફથી પ્રતિષ્ઠાફંડમાં દાનરાશિ પ્રાપ્ત થઈ હતી.

ભોજનફંડમાં શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા મુંબઈ; નાઇરોબી દિગંબર જૈન

મુમુક્ષુમંડળ; પ્રવીણચંદ્ર ભગવાનજી સંઘવી, અમદાવાદ; ભોગીલાલ ચત્રભુજ દોશી, ઘાટકોપર; જડાવભાઈ, ખંડવા; ડૉ. જૈનના માતૃશ્રી; નરેન્દ્ર શાહ; અમુલકચંદજી; રમણીકલાલ મહેતા; કૈલાશચંદજી, ખંડવા; કુસુમચંદ્ર, પન્ધાના; સુભાષચંદ્ર, પન્ધાના; રાજકુમાર નેમચંદ, ખંડવા; સ્વરૂપચંદજી વકીલ, ખંડવા; ડૉ. દિલીપકુમાર ફકીરચંદ જૈન, ખંડવા; નિર્મળાબેન કવરચંદજી, સનાવદ વગેરે મહાનુભાવોએ દાન આપીને ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

શ્રી નાઈરોબી દિ. જૈન મુમુક્ષુમંડળને તેમ જ ત્યાંના વિભિન્ન મુમુક્ષુઓને, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના-ઉદયે થયેલ ખંડવાના આ જિનમંદિર પ્રત્યે વિશેષ ભાવના હોવાથી, તેમણે (મંડળે તેમ જ મુમુક્ષુઓએ) સારી એવી રકમો વાપરીને પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

આ પવિત્ર આયોજનને સફળ બનાવવાનો પૂરો યશ શ્રી ખંડવા દિગંબર જૈન મુમુક્ષુમંડળના અધ્યક્ષથી લઈ ને બધા સભ્યોને છે. બધા સભ્યો ઉત્સાહપૂર્વક તથા કર્તવ્ય પરાયણ હતા. તેમાં, નૂતન જિનમંદિરના નિર્માણમાં પહેલેથી છેલ્લે સુધી તથા પ્રતિષ્ઠાના કાર્યમાં, મંડળના યુવાન કાર્યકર શ્રી રાજકુમાર નેમિચંદજી તથા એમના સાથીઓની કૌશલ્યપૂર્ણ સેવાઓ ખાસ ઉલ્લેખનીય છે. તન-મન-ધનથી તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અતિશય ભાવભક્તિથી, એમના દ્વારા અપાયેલી સેવાઓ બદલ મુમુક્ષુમંડળ આભારી છે.

આ મંગલ મહોત્સવમાં કિંમતી સહયોગ શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, દેહગામ, શ્રી ચીમનલાલભાઈ ઠાકરશી મોદી, મલાડ તથા પૂજ્ય બહેનશ્રીના ભત્રીજા શ્રી જિતેન્દ્ર-કુમાર વ્રજલાલ શાહ, ઘાટકોપરનો રહ્યો હતો. પ્રતિષ્ઠામંડપ શુશોભન વગેરે વિવિધ કાર્યમાં સ્થાનીય શ્રી પ્રમોદભાઈ વગેરે અનેક કાર્યકરોની સાથે મુંબઈના સર્વશ્રી વલ્લભદાઈ મહેતા, જિનેશ મોદી, નિર્જેશ શાહ વગેરેએ કિંમતી સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની સામગ્રી વગેરે કાર્યમાં સર્વશ્રી પ્રમોદભાઈ, રજનીભાઈ મહેતા તથા ભોગીભાઈ ડગલીએ કિંમતી સેવા આપી હતી. પરમ પૂજ્ય ગુરુદેવનાં ટેપપ્રવચનની વ્યવસ્થામાં શ્રી જિતુભાઈ મોદી, સોનગઢનો પણ સુંદર સહયોગ રહ્યો હતો. શ્રી ઘાટકોપર તથા મલાડ દિગંબર જૈન ભજનમંડળીએ તથા શ્રી નંદકિશોર જબલપુરે ભક્તિગીતોથી શોભાયાત્રા તથા પંચકલ્યાણકના દરેક કાર્યક્રમો રોચક બનાવી દીધા હતા.

આભાર-દર્શનના સમયે પ્રમુખ કાર્યકર શ્રી રાજકુમારજીએ સજળનેત્ર તથા ગદ્‌ગદ્ હૃદયથી ખંડવાનગરીનિવાસી (સોનગઢનિવાસી) બ્ર. આશાબેન, બ્ર. ચંદ્રાબેન, બ્ર. વીણાબેન, બ્ર. સુબોધબેનનો કે જેઓએ ભવ્ય મંદિરના નિર્માણ તથા પ્રતિષ્ઠામહોત્સવમાં અમૂલ્ય સહયોગ તથા કિંમતી માર્ગદર્શન આપ્યું હતું તેઓનો ઉપકૃતભાવભીનો

આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી રમેશભાઈ પરીખ, મુંબઈ દ્વારા સુંદર વિડિયો-સેવા આપવામાં આવી હતી. તે ઉપરાંત અનેક મહાનુભાવ છે. કે જેના નામની ખબર નથી કે યાદ નથી તે બધાએ પણ આ મંગલ આયોજનને ખૂબ સફળ બનાવીને પરમ પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તથા વીતરાગ જૈનધર્મની પ્રભાવનાની વૃદ્ધિમાં ભક્તિભીનો લાભ લીધો હતો.

પ્રતિષ્ઠામહોત્સવના આ મંગલ અવસર પર ધાર્મિક સાહિત્ય, પ્રવચન-ટેપ તથા ફોટા વગેરે ૪૦ હજાર રૂપિયાના વેચાયા હતા. ગુરુદેવશ્રીનાં વચનામૃત માટે મુમુક્ષુ-સમાજમાં ખૂબ માંગ હતી. સોનગઢથી પ્રકાશિત બધા સાહિત્યમાં ૨૫% ડિસ્કાઉન્ટ શ્રી ચંદ્રાબેન પ્રેમચંદ તથા ૨૫% મેઘાણી-પરિવાર, મુંબઈ—એ રીતે ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. આત્મધર્મના આજીવન તથા વાર્ષિક સભ્યોને ૨૫% ડિસ્કાઉન્ટ શ્રી કાંતિભાઈ મહેતા, ખંડવા તરફથી રાખવામાં આવ્યું હતું, જેનો મુમુક્ષુ સમાજે લાભ લીધો હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન, ભગવતીમાતાની ચર્ચા તથા ભક્તિની ઓડિયો ટેપમાં ૫૦% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું, જેમાં ૨૫% મેઘાણી પરિવાર, મુંબઈ તરફથી તથા ૨૫% શ્રી કાંતિભાઈ મહેતા તથા શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ 'પંચરત્ન-પરિવાર' ખંડવા તરફથી રાખવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય ભગવંતો, પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના લેમીનેશનવાળા ફોટામાં શ્રીમતી શીલાબેન સુરેન્દ્રકુમાર, ઈન્દોર તરફથી ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. લગભગ ૧૩૦૦૦/- રૂપિયાના ફોટા મુમુક્ષુઓના ઘરે ઘરે પહોચ્યાં હતા.

અંતમાં મુમુક્ષુમંડળ વતી પ્રમુખ કાર્યકર શ્રી રાજકુમારજીએ સજલનેત્ર તેમ ગદ્‌ગદ્‌ભાવે કહ્યું હતું કે જેઓએ સ્વાનુભૂતિપ્રધાન આધ્યાત્મવિદ્યાનો અનુપમ સુ[...] સર્જ્યો છે તે પરમ તારણહાર કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતાને અત્યંત ભક્તિભાવપૂર્વક પ્રણામ; કેમકે તેઓ તો અમારા ધર્મજીવનના મૂળ આધારસ્તંભ છે. તદુપરાંત જેમના પવિત્ર આશીર્વાદથી આ મંગલ મહોત્સવ સર્વાં[...] સફળ થયો છે તે આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહ પ્રતિ પ[...] આ અવસરે અમે ખંડવા દિગંબર જૈન મુમુક્ષુમંડળ અંતઃકરણમાં ઉપકારવશતાની ઉ[...] લાગણી અનુભવીયે છીએ.

—સંત્રી

* ચૈત્ર સુદ-૧૦, શુક્રવાર, તા. ૨-૪-૯૩ના રોજ ૬૩ ફૂટના ઉન્નત 'શ્રી સીમંધરજિન-માનસ્તંભ'ની ૪૧મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* ચૈત્ર સુદ-૧૩, રવિવાર, તા. ૪-૪-૯૩ના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણકદિન તેમ જ અધ્યાત્મયુગસર્જક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનો ૫૯મો સંપ્રદાય-પરિવર્તનદિન પૂજા-ભક્તિના વિશેષ ઉલ્લાસપૂર્ણ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે. આ માંગલિક પ્રસંગે શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, ગોરેગાંવ તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન, મલાડ તરફથી સર્વે મુમુક્ષુઓ માટે સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવશે.

* ફાગણ સુદ-૨ના રોજ શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે તેમ જ ફાગણ સુદ-૭ના રોજ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે અનુક્રમે શ્રી જડાવબેન નાનાલાલ જસાણી-પરિવાર, મુંબઈ તરફથી તથા શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, દેહગામ તરફથી સર્વે મુમુક્ષુઓ માટે સ્વામી વાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* ચૈત્ર વદ-૧૩, સોમવાર, તા. ૧૯-૪-૯૩ના રોજ શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ-અંતર્ગત 'શ્રી કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ઉદ્‌ઘાટનનો વાર્ષિકદિન છે. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા આયોજિત આ પ્રભાવનાદર્શન ખાસ દર્શનીય છે.

* શ્રી દિગંબર જૈન એસોસીએશન, લંડનના ચેરમેન શ્રી લક્ષ્મીચંદભાઈ ભગવાનજીભાઈ શાહ જણાવે છે કે—જૈનોની લગભગ ૫૦૦૦ વસ્તીવાળા એરીયાની મધ્યમાં, સૌને દર્શન-પૂજન-સ્વાધ્યાયનો સરળતાથી વિશેષ લાભ મળી શકે તેવી સરસ જગ્યા અમોને સ્વાધ્યાયમંદિર બાંધવા માટે મળી જતાં લંડનના મુમુક્ષુઓ ખૂબ જ ધન્યતા અનુભવી રહ્યા છે. યુરોપની અંદર સૌ પ્રથમ લંડનમાં દિગંબર જૈન સ્વાધ્યાય-મંદિરનું નિર્માણ કરવાનું અમોને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થતાં અત્યંત આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે. આગામી પર્યુષણ પહેલાં મહાવીર ભગવાન આદિ ત્રણ ભગવંતોની સ્થાપના પૂર્વક આ સ્વાધ્યાયમંદિર તૈયાર કરી લેવાની અમારી ભાવના છે. આ શુભ સમાચારની જાણ થતાં કેન્યાના મુમુક્ષુઓ પણ અત્યંત પ્રમોદિત થયા છે. વિદેશમાં દિગંબર જૈનધર્મની મોટી પ્રભાવનાનો યોગ બની રહ્યો છે તે અધ્યાત્મયુગસર્જક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતી માતાનો પ્રતાપ છે.

卐

## વૈરાગ્ય સમાચાર:—

* વિંછીયાનિવાસી (હાલ પાર્લા) શ્રી કિરણકુમાર દામોદર પાનાચંદ ડગલી (વર્ષ–૪૨) તા. ૨૦–૧૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી શ્રી રમણીકલાલ જેઠાલાલ શેઠના ધર્મપત્ની પ્રભાબેન (વર્ષ–૭૨) તા. ૨૨–૧૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં ઉજવાયેલ જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાનના માતા બનવાનું પરમ સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

* જેતપુર દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી શેઠ કાંતિલાલ લાલચંદ તા. ૧૬–૧–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ખૈરાગઢનિવાસી શ્રી પુખરાજ મોતીલાલ જૈન (વર્ષ–૧૪) દુર્ગ પંચકલ્યાણક પ્રતિષ્ઠા દરમિયાન વૈરાગ્યભાવના પૂર્વક તા. ૨–૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાની ઉંમર હોવા છતાં તેમને પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મતત્ત્વની ઘણી રુચિ હતી.

* વઢવાણનિવાસી (હાલ–સોનગઢ) સમુબેન કેશવજી (વર્ષ–૮૦ લગભગ) તા. ૬–૨–૯૩ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સંપ્રદાયના વખતથી પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમમાં આવ્યા હતા અને પૂજ્ય બહેનશ્રીની તેમના ઉપર ઘણી કૃપાદૃષ્ટિ હતી.

* હિંમતનગરનિવાસી (હાલ મુંબઈ) શાહ રમણીકલાલ મણીલાલ (વાસણા) (વર્ષ–૬૦) તા. ૧૦–૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી (હાલ–હૈદરાબાદ) શ્રી ભગવાનદાસ જગજીવનદાસ કામદાર (વર્ષ–૬૨) તા. ૬–૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જિનમંદિરમાં નિયમિતપણે સ્વાધ્યાય કરાવતાં તેમ જ બાળકો માટે પાઠશાળા પણ ચલાવતા હતા. હૈદરાબાદમાં નવનિર્મિત જિનમંદિર તેમ જ સ્વાધ્યાયમંદિરના તેઓ પ્રેરકબળ હતા.

* વિંછીયાનિવાસી (હાલ–કોચીન) શ્રી ભૂપેન્દ્રભાઈ (બટુકભાઈ) રતીલાલ કસ્તુરચંદ ડગલી (વર્ષ–૫૮) તા. ૧૬–૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુદાસણાનિવાસી તારંગાજી સિદ્ધક્ષેત્રના ટ્રસ્ટી તથા મંત્રી, તીર્થભક્ત શ્રી મૂળચંદભાઈ દોશી (શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટના મંત્રી શ્રી વસંતભાઈ દોશીના પિતાશ્રી) (વર્ષ–૮૩) તા. ૧૯–૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૫૦ વર્ષથી પણ વધુ સમય સુધી તારંગાજી સિદ્ધક્ષેત્રના ટ્રસ્ટી ને મંત્રી તરીકે સક્રિયપણે રહીને આ સિદ્ધક્ષેત્રના વિકાસ ને પ્રચારની પ્રશંસનીય સેવા આપી હતી.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —✻—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મજયંતીના મંગલ અવસરે
અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં પુરુષો માટે

## 卐 ધાર્મિક શિક્ષણવર્ગ 卐

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મજયંતીના ઉપલક્ષમાં સુવર્ણપુરીમાં તા. ૧૯-૪-૯૩, સોમવાર થી તા. ૮-૫-૯૩, શનિવાર—૨૦ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓ સાદર નિમંત્રીત છે.

[ સૂચના :—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) બેડિંગ આદિ આવશ્યક વસ્તુઓ જરૂર સાથે લાવવી. (૩) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર તેમ જ શ્રી સમયસાર ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૪) મધ્યમવર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૫) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના મંડળના મુમુક્ષુઓ બહોળી સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લ્યે તે માટે પ્રોત્સાહિત કરે; તેમ જ આવનાર મુમુક્ષુઓની સંખ્યા પત્રથી જણાવે. ]

—०—

## 卐 પૂજ્ય બહેનશ્રીની સમાધિતિથિ 卐

વૈશાખ સુદ ૧૩, મંગળવાર, તા. ૪-૫-૯૩ થી જેઠ વદ ૩, શનિવાર, તા. ૮-૫-૯૩—પાંચ દિવસ સુધી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ત્રીજી વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વિશેષ જાણકારી આગામી અંકમાં આપવામાં આવશે.

—✻—

---


### આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી :—

| | |
|---|---|
| પ્રકાશન સ્થાન :— | શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ :— | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| મુદ્રક :— | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક :— | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી :— | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| રાષ્ટ્રીયતા :— | ભારતીય |
| માલિક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |

—વ્યવસ્થાપક ( મેનેજર )
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
તા. ૧૫-૩-૯૩ સોનગઢ ( કાનજીસ્વામીનું )-૩૬૪૨૫૦

# 卐 મિથ્યાત્વના ત્યાગની વિધિ 卐

* મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી, કેમકે સ્વ-સ્વામી નામનો મારો ગુણ હોવાથી દ્રવ્ય-ગુણ તે મારા સ્વ ને હું તેનો સ્વામી છું. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-

A ૨૮૦૯ શ્રી ... લાલ શાહ
બ્લોક નં. ૬, બિલ્ડીંગ નં-૯,
ધીરજ વૃંદાવન સોસાયટી, જુના લીંક,
ચાયન, (વે.) મુંબઈ-૪૦૦૦૨૨